ગાંધીનગર સમાચાર

# જાત ભણી પાછા ફરવાનો અણમોલ અવસર : લોકડાઉન

ઘણા દિવસથી હું લોકડાઉનને કારમે ઘરમાં લોક છું તો મને થયું કે આજે મારી રીતે જીવવાનો મોકો મળઅયો છે તો મારી રીતે જીવવાનો પ્રયત્ન કરું એટલે મનમાં વિચાર આવ્યો કે પરોઢિયે ૪.૦૦ વાગે ઉઠું. સવારના પ્હોરમાં કેવું વાતાવરણ હશે એની મજા માણું એટલે સવારનો ચાર વાગ્યાનો એલાર્મ મૂકતાની સાથે જ વિચાર આવ્યો કે,

જીવતાં માણસને જગાડવા નિર્જીવ મોબાઈલ કલોકની જરૂર પડી... કેવી વિસંગતતા !

બેર સવારે ચાર વાગે એલાર્મ તો વાગ્યું પરંતુ ઉઠવાનું મન ન થયું એક મન કહે સૂઈ જા બહુ દિવસ પછી શાંતિથી સૂવા મળ્યું છે. સૂઈ જા શાંતિથી ઉઠજે. તરત જ બીજા મને કહ્યું, કે આપણે સવારના વાતાવરણનો અનુભવ કરવો છે. સવારની નીરવ શાંતિ અને ઉષાકિરણને અનુભવવા છે એટલે જાત સાથે ઝઘડો કરતાં કરતાં પાંચ વાગે ઊભો થયો. બ્રશ કરીને બહાર અગાશીમાં ઊભો રહ્યો. ઉષાનો રમણીય વૈભવ, અનંત આકાશ, વૃક્ષો અને પવનનો લયબદ્ધ અવાજ અને પક્ષીઓનો કલરવ. કુદરતના અદ્‌ભૂત વૈભવને કયારેય આટલી શાંતિથી નિહાળ્યો ન હતો. આ કુદરતને જોયાં પછી મનને એક નવી જ તાજગીનો અનુભવ થયો. આપણાં ઋષિમુનિઓ કુદરતને માણવા માટે જ બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠતા હશે.

મારું મન શાંતિથી આ વૈભવને માણી રહ્યું હતું. પક્ષીઓનો કર્ણપ્રિય કલવર સાંભળી રહ્યું હતું ત્યારે જ અંદરથી એક અવાજ આવ્યો, એક વિચાર આવ્યો આ વૃક્ષો, આ પક્ષીઓ બોલતાં હોત તો...

આ પક્ષીઓ આ કલરવ આપણને કઈક કહેવા માગતા હતા. આ કલરવ દ્વારા કોઈ મીઠા મધુર ફરિયાદ હતો નહીં કરતા હોય...આ વિચારોમાં મગ્ન હતો ત્યાં જ બે ચકતીઓ ચી-ચી કરતી આવીને મારી નજીકથી પસાર થઈ ગઈ - ઘણાં વર્ષો પછી ચકલીઓ જોવા મળી અને એમનો અવાજ સાંભળવા મળ્યો. પહેલીવાર બા-દાદા ચકા-ચકીની વાર્તા કહેતાં તે બાળપણ યાદ આવ્યું. મને તેમની ચીં-ચીં અવાજમાં એક ફરિયાદ સંભળાતી હતી - હે માનવી તારા લીધે અને નામશેષ થઈ ગયા.

ઘરની સામે એક આંબો છે અને એક લીમડો પણ છે બગીચામાં ઘણાં બધાં નાના છોડ પણ છે આસોપાલવ, સંતરા, મોસંબીના છોડ, લીબુંડી પણ છે. આ બધા પરથી અવનવા પક્ષીઓના અવનવા અવાજ પહેલીવાર સાંભળ્યા. કોયલનો ટહુકાર સંભલાયો. હોલાની એક જોડી ઉડતી ઉડતી અમારા જ ચબુતરા પર ચણ ખાવા આવી. દાદા-દાદી કહેતા કે હોલો હોલી પ્રભુના પંખી છે. તેમનો ગણગણાટ સાંભળીએ તો પ્રભુ તુ પ્રભુ તુ એવો સ્પષ્ટ અવાજ સંભળાય. એ શબ્દો પ્રભુ તુ પ્રભુ તુ આજે પહેલીવાર સાંભળ્યો...

પરંતુ આ બધા જ પક્ષીઓના અવાજ આજે મને ફરિયાદ કરતા દેખાયા.. હે માનવી તું વૃક્ષોની કતલ કેમ કરે છે : આ દરેક વૃક્ષમાં અમારાં માળા છે. અમારા બાળ-બચ્ચા એમ રહે છે અમારા માળા છીનવીને તને શું મળે છે ?

બધાં જ પક્ષીઓ કોઈ પણ જાતના ઝઘડા વગર શાંતિથી પોતાનું ચણ ચણી લઈને ઊડી જતા હતા. તેમની પાણી પીવાની રીત પણ અલગ હતી. કોઈ નળના ટીપામાંથી ટીપે ટીપે પાણી પીતું હતું. કોઈ બગીચાના ભરાયેલા - ખાબોચિયામાંથી પાણી પીતું હતું. બધું જ અલગ પશુ-પંત્રીઓની આ સૃષ્ટિ.

આ બધા પરથી મને લાગ્યું કે આ સૃષ્ટિમાં માનવી જેટલો સ્વાર્થી જીવ કદાચ કોઈ નહીં હોય. માનવીએ પોતાની સુખાકારી માટે જ બધું બનાવ્યું. બધી જ શોધો કરી. માનવજાતને કોઈ પણ તકલીફ ના પડે એવી શોધો કરી પણ અન્ય જીવસૃષ્ટિ માટે કશું જ ના વિચાર્યું. એટલું જ નહિ અન્ય પ્રાણીઓનો પક્ષીઓનો પોતાની સુખાકારી માટે જ ઉપયોગ કર્યો. આપણે પ્રાણીઓ માટે પ્રાણીસંગ્રહાલય બનાવ્યા, અવનવા પક્ષીઓ માટે પંખીઘર બનાવ્યા પણ આપણે કયારેય ના વિચાર્યું કે આ પંખીઓને તો આકાશમાં વિરહવું છે એને પીંજરામાં પૂરવાનો શું અર્થ ? જંગલના રાજાને અને પ્રાણીઓને જંગલમાં જીવવું હોય તેને પ્રાણી સંગ્રહાલયમાં રહેવા વિવિશ કેમ બનાવવા ને ? વધુમાં માનવજાત અને અન્ય જીવસૃષ્ટિની વિસંગતતા તો જુઓ.

● આપણે જુદા જુદા દેશો વચ્ચે સરહદો બનાવી પરંતુ પક્ષીઓએ આવી કોઈ સરહદ ના બનાવી. સાઈબીરિયાના પક્ષીઓ છેક રશિયાથી ઉડતાં ઉડતાં ભારતના સરોવરોમાં આવે અને એમને કોઈ સરહદ ના નડે અને આપણા અહીંના પક્ષીઓને પણ એમની હાજરી ના નડે.

● મેં કયારેય પંખીઓને વૃક્ષો પર ઝઘડતાં નથી જોયાં. મોટેભાગે આંબા કે લીમડા પર એમનાં માળા હોય છે પણ કયારેય કબૂતર, કોયલ, પોપટલને ઝઘડતા નથી જોયા કે આ વૃક્ષ તારું ને આ વૃક્ષ મારું. કોયલે કયારેય એમ નથી કહ્યું કે આંબા પર તો મારો જ હક્ક, હું જ માળો બનાવીશ બીજા કોઈ પક્ષીએ આવવાનું નથી. પોતના સંરક્ષણ માટે, પોતાના બાળ-બચ્ચા માટે તથા રાત્રિરોકાણ માટે જ માળા બનાવ્યા પણ અંદરોઅંદર લડવા માટે કોઈ હથિયાર ના બાનવ્યા.

● પ્રભુએ પણ એમને માળો બનાવવાની બુદ્ધિ આપી પણ કોઈ પણ પંખીએ પોતાના સર્જનહાર માટે ના તો મંદિર બનાવ્યું કે ના મસ્જિદ બનાવી. આ જીવોને પ્રભુએ આ બુદ્ધિ કેમ નહીં આપી હોય.

સવારના પહોરમાં પક્ષીઓને ઝુંડમાં આકાશમાં વિહરતા જોયા તે બધાં એક જૂથ થઈને ઉડતા હતા. કયારેય એમણે આકાશના ભાગલા પાડ્યા હોય તેવું જાણ્યું નથી. આટલું આકાશ અમારું ને આટલું આકાશ તમારું. પક્ષીઓને પ્રભુએ દેશ પ્રમાણે ધર્મ પ્રમાણે ભાગલા પાડવાનો વિચાર નથી આપ્યો હોય કે આ હિન્દુ કબૂતર, આ મુસ્લિમ મરઘી... પક્ષીઓમાં આપણે આવું કયાંય જોયું નથી.

મને લાગે છે કે માનવજાતની દોડાદોડ એમનો સ્વાર્ત જોયા પછી પશુપંખીઓએ ઉપરવાળાને પ્રાર્થના કરી હશે કે હે પ્રભુ... હવે તો અમારું વિચારો આ આખી માનવજાત અમારો ઉપયોગ કરે છે એમના આનંદ પ્રમોદ માટે, તેમના ખોરાક માટે.તેમને મજા આવે છે ને અમે હેરાન થઈએ છીએ. અમારે શાંતિથી જીવવું છે પણ આ માનવજાત અમને શાંતિથી જીવવા દેતી નથી. હે પ્રભુ... અમારા માટે પણ કંઈક વિચારો અને કદાચ પહેલીવાર પ્રભુએ આ પશુપંખીઓની આર્તનાદ સાંભળ્યો હશે અને તેમની સાંત્વના આપી હશે. હે જીવો... તમે ચિંતા ના કરશો હું કંઈક કરીશ. અને પ્રભુએ આજે અતિસૂક્ષ્મ દેખાય નહીં તેવો જીવ પૃથ્વી પર મોકલ્યો. જેને આપણે કોરોના વાઈરસ કહીએ છીએ.

આ વાયરસે પૃથ્વી પરની માનવજાતને હચમચાવી નાખી. આજે આખી માનવજાત સ્તબ્ધ થઈ ગઈ. આ વાઈરસ માણસથી માણસને ચેપ લગાડશે. માનવીને જ અસર કરશે. અને તેમાંય ફેફસાંને જ અસર થશે.

અને જૂઓ તો ખરા આ દુનિયા સાથે, કૃદરત સાથે, પ્રભુ સાથે આપણે શ્વાસોશ્વાસથી જ જોડાયેલા છીએ. માનવીને બે આંખ, બે કાન, બે પગ કે હાથ નહીં હોય તો ચાલશે પણ વિચારી તો જુઓ બે ફેફસાં ના હોય તો. આ ફેફસાં એ આપણી જીવાદોરી છે અને આ કોરોના વાઈરસે આપણી શ્વાસનળી અને ફેફસાં પર જ હુમલો કર્યો અને એના કારણે આખી માનવજાત પોતાના અસ્તિત્વ સામે ઝઝૂમવા લાગી. આ એક વાઈરસના લીધે પૃથ્વી પરનો દરેક દેશ, દરેક પ્રદેશ, દરેક ઘર પ્રાણી સંગ્રહાલયમાં ફેરવાઈ ગયા. માનવીને પોતાના જ ઘરમાં રહેવા માટે મજબૂર કરી દીધો. માનવજાત સિવાય બીજી જીવસૃષ્ટિને આની અસર ના થઈ. અને એટલે જ પશુપંખી આજે બહાર ફરવા નીકળે છે. આપણે ઘરમાં પુરાઈ રહેવું પડે છે. માનવી માનવીને સ્પર્શ નથી કરી શકતો. એકલા રહેવા માટેવ વિવશ કરી દીધો.

પૃથ્વી પરની મોટી મહાસત્તાઓ, મોટી મોટી હસ્તીઓ આજે આ વાઈરસના આક્રમણને રોકવા મજબૂર છે. આજે બધાં દેશો સૂમસામ થઈ ગયા. આજે પહેલીવાર માનવજાત હતાશાની ગર્તામાં છે.

આજે આપણને ખબર પડી આ વૈભવ, આ પૈસો આ પાવર, આ પરમાણું બોંબ, આ મિસાઈલ્સ કંઈ જ કામના નથી.

આજે પહેલી વાર આપણને ખબર પડી કે સત્તાની કે પાવરની કોઈ કિંમત નથી, અને પૈસામાં કોઈ પાવર નથી. આ વાઈરસે આ દુનિયા પરની બધી જ વસ્તુઓ કિંમત વગરની કરી દીધી. એટલે જ હું વિચારતો હતો કે પ્રભુએ આપણને લોક કરીને સમય આપ્યો છે વિચારવાનો.

શું આજની ભાગદોડની જિંદગી બરાબર છે.

શું આપણે સારી રીતે જીવી રહ્યા છીએ. જો ના હોય તો આપણે આપણી જાતને, આપણા વિચારોને, આપણી જિંદગી બદલવી જ રહી અને એટલે જ કદાચ ભગવાને એના દરવાજા આપણા માટે બંધ કર્યા છે. આજે મંદિર, મસ્જિદ, ચર્ચના દરવાજા પણ આપણી પાસે બંધ કરાવ્યા છે. કેમ - વિચારો - મનન કરો, કદાચ આપણે ફરીથી જીવતા શીખીએ.

- ડો. રાજેન્દ્ર આનંદ (એમ.ડી.)

# શ્રમજીવી પરિવારોને ફૂટ પેકેટ આપી અન્નદાનનું ઉત્તમ કાર્ય હાથ ધરાયું





ચિલોડા, તા. ૧૧

કોવિદ-૧૯ કોરોના વાઈરસના મહાસંક્રમણથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. લોકડાઉનમાં દેશબંધ, રાજયબંધ, જિલ્લો બંધ, તાલુકો બંધ, ગામ બંધ એન મકાન બંધ. આ વેળાએ શ્રમજીવી પરિવારોને વધુમાં વધુ મુશ્કેલીઓ પડે છે. મુશ્કેલીઓમાં મદદરુપ થવા સર્વોદય પરિવાર ટ્રસ્ટ - અમદાવાદની આર્થિક સહાયથી શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર - સાદરામાં છેલ્લા પંદર દિવસથી સુખડી, થેપલાં અને અથાણું બનાવી ફૂટપેકેટ બનાવવામાં આવી રહ્યા છે. આજ સુધીમાં ૪૫૦૦૦ ફુટપેકેટ મ્યુનિસિપલ કોર્પોરેશન - અમદાવાદ પહોંચાડી ૪૫૦૦૦ શ્રમજીવી પરિવારોને આપવામાં આવ્યા હતા. સાદરા ગામના ૧૫૦ શ્રમજીવી કુટુંબોને ૧૫૦ ફુટ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અન્નદાનના ઉત્તમ સેવા કાર્યમાં સર્વોદય ટ્રસ્ટના સંચાલક કીરીટભાઈ શાહ (ગુંદરીયા), હિમાંશુ શાહ, રીતેષભાઈ શાહનો આર્થિક સહયોગ મળ્યો હતો અને શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર - સાદરાના મંત્રી મહેન્દ્રભાઈ મોદી, ટ્રસ્ટી કનુભાઈ ગોસ્વામી અને ગ્રામ યુવાન પ્રદિપસિંહ રાઓલની રાતદિવસની જહેમતથી આ અન્નદાન પ્રવૃત્તિ ચાલી રહી છે. આ અંગેની જાણકારી મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી.



કોરોના વાઈરસ સંકટથી સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી પગલાને કારણે ભારતમાં સ્થિતિ કાબુમાં છે. સમગ્ર ભારતને ૨૧ દિવસના લોકડાઉનથી ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા ધી અમદાવાદ ડ્રિસ્ટિક્ટ કો.ઓ. લિ દ્વારા પીએમ કેર ફંડમાં રૂા. ૧.૦૧ કરોડ (રુપિયા એક કરોડ એક લાખ) તથા ચીફ મિનિસ્ટર્સ રિલીફ ફંડમાં રૂા. ૧.૦૧ કરોડ (રુપિયા એક કરોડ એક લાખ) મળી કુલ રૂા. ૨.૦૨ (રુપિયા બે કરોડ બે લાખ)નું યોગદાન આપ્યું છે. તેમજ એડીસી બેંકના સમગ્ર સ્ટાફે એક દિવસના પગાર પેટે રૂા. ૨૧ લાખ આપ્યા છે. યોગદાનના ચેકો એડીસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલ તથા બેંકના ડીરેકટર હિતેશભાઈ બારોટે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીને અર્પણ કર્યા હતા.

## કોરોના વાઈરસની રસી વિકસાવવા માટે એનડીડીબીની સહાયક કંપની આઈઆઈએલ ઓસ્ટ્રેલિયાની ગ્રિફિથ યુનિવર્સિટી સાથે સહકાર સાધી રહી છે

આણંદ, તા. ૧૧

કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ની રસી વિકસાવવા માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ (એનડીડીબી)ની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની હૈદરાબાદ સ્થિત ઈન્ડિયન ઈમ્યુનોલોજિકલ્સ લિમિટેડ (આઈઆઈએલ) ઓસ્ટ્રેલિયાની ગ્રિફિથ યુનિવર્સિટી સાથે સહયોગ સાધશે.

આ અંગે એનડીડીબી અને આઈઆઈએલના ચેરમેન શ્રી દિલીપ રથે જણાવ્યું હતું કે, 'આ અત્યંત મહત્ત્વપૂર્ણ આંતર-ખંડીય સહયોગમાં આઈઆઈએલ અને ગ્રિફિથ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અત્યાધુનિક કોડોન ડી-ઑપ્ટિમાઈઝેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને 'લાઈવ એટેન્યુએટેડ સાર્સ - સીઓવી-૨ વેક્સિન' અથવા તો કોવિડ-૧૯ની રસીને સંયુક્તપણે વિકસાવશે. આ ટેકનોલોજી ઉન્નત સલામતી પ્રોફાઈલની સાથે મનુષ્યોમાં કોરોનાવાઈરસ વિરુદ્ધ રસીકરણના રોગનિરોધી, સક્રિય, સિંગલ ડૉઝ માટેની રસી વિકસાવવા આશાસ્પદ જણાઈ રહી છે. આ રસી લાંબાગાળાની સુરક્ષા પૂરી પાડશે તેવી અપેક્ષા છે.'

રથે જણાવ્યું હતું કે, આઈઆઈએલ એ પશુચિકિત્સા જીવવિજ્ઞાનમાં એક અગ્રણી સંસ્થા છે અને તે જાહેર સ્વાસ્થ્યની ગંભીર આવશ્યકતાઓને સંતોષવા માટે પ્રતિબદ્ધ છે. આઈઆઈએલનું મિશન વન હેલ્થની પહેલને સહાયરૂપ થનારી રસીને વિકસાવવાનું અને તેનો પુરવઠો પૂરો પાડવાનું છે. આઈઆઈએલ પરવડે તેવી ઉચ્ચ-ગુણવત્તાયુક્ત રસીઓને વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. આઈઆઈએલ એ સમગ્ર વિશ્વમાં ફૂટ એન્ડ માઉથ ડીસીઝ માટેની રસીના સૌથી મોટા ઉત્પાદનકર્તા છે અને તે પ્યુરીફાઈડ વીરો સેલ રેબિઝ વેક્સિન ફૉર હ્યુમન્સ (પીવીઆરવી)ને લૉન્ચ કરનારી ભારતની પ્રથમ કંપની હતી.

# કોરોના સામે જંગ જીતવા યોજાયેલી ઈનડોર મેરેથોન રનમાં ભારત દોડ્યું

ગાંધીનગર, તા. ૧૧

સાતારા રનર્સ દ્વારા વિશ્વ મેરેથોન દિવસની અલગ ઉજવણી કરવામાં આવી. ૧૦ એપ્રિલ ૧૮૯૬ ના રોજ પ્રથમ ઓલિમ્પિક મેરેથોન યોજાઈ હતી એટલે એને વિશ્વ મેરેથોન દિવસ તરીકે રનર્સ ઉજવે છે.

આ વખતે વિશ્વ આખું



કોરોના વાયરસ સામે લડી રહ્યું હોવાથી સાતારા રનર્સ દ્વારા ઈનડોર રન રાખવામાં આવી હતી. જેમાં ગાંધીનગર રનર્સ ગ્રુપના સંજય થોરાતે ટ્રેડમિલ પર ૧૦ કિમી રન એક કલાક પચીસ મિનિટમાં પૂરી કરી હતી. ભારતના ૩૫૦૦ રનર્સ આમાં ભાગ લઈ રહ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

*'લાઈફ'માં એક એવી વ્યક્તિનું હોવું જરૂરી છે જે....*
*આપણે કહ્યા વગર આપણા હાવભાવ ઓળખી શકે...*

## જન્મદિને વધામણી



જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગૃપ)



ફોરમ
અશોકકુમાર ઠાકોર



રુહાની
કિરણકુમાર ગોહિલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઈન્ટરવ્યુમાં અંગ્રેજી બોલવામાં તકલીફ પડે છે? શું કરવું?



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧. હું બી.એ ના છેલ્લા વર્ષ માં અભ્યાસ કરું છું.હું પ્રાઈવેટ કંપની માટે ઇન્ટરવ્યુ માટે તૈયારી કરું છું પણ અંગ્રેજીના કારણે તકલીફ પડે છે.અંગ્રેજી સારી રીતે બોલવા શું કરવું?માહિતી આપશો.**

**- આયુષી દરજી, માણસા**

આયુષી, અંગ્રેજી માં તકલીફ મોટાભાગ ના વિદ્યાર્થીઓને થતી હોય છે.અંગ્રેજી ટૂંક સમય માં સુધારવું મુશ્કેલ છે પણ અશક્ય નથી.શરૂઆત કરો રોજ એક કલાક અંગ્રેજી છાપું વાંચવાની.જે શબ્દો માં ખબર ના પડે એ શબ્દો નું લિસ્ટ બનાવો અને તેના સમાનર્થી અને વિરુદ્ધાર્થી ડીક્સનરી માંથી શોધી ને લખો અને તૈયાર કરો.આમ કરવાથી આપનો અંગ્રેજી ભાષા નો શબ્દકોશ વધશે.કોઈ પણ ભાષા નો શબ્દકોશ જેટલો આપ વધુ આપ જાણતા હશો એ ભાષા એટલી જ સરળતા થી આપ લખી અને બોલી શકસો. એ સિવાય રોજ-બરોજ ઉપયોગ માં લેવાતા શબ્દો નું લિસ્ટ બનાવો અને એને અંગ્રેજી માં બોલવાની નિયમિત પ્રેક્ટિસ કરો.આ સિવાય સૌથી અગત્ય નું પાસું છે આત્મવિશ્વાસ .આપ આપના મિત્રો અને પરિવાર ના સભ્યો સાથે પૂરા આત્મવિશ્વાસ સાથે અંગ્રેજી માં વાત ચિત કરવાની કોશિશ કરો.શરૂઆત માં કદાચ




તકલીફ પડી શકે છે પણ નિયમિત પ્રેક્ટિસ ચાલુ રાખવી જરૂરી છે.શરૂઆત માં આપના થી ભૂલ થઈ શકે છે પણ એનાથી ડરવાની કોઈ જરૂર નથી.ભૂલ ને સુધારી ને ફરીથી એ જ વાક્ય અથવા શબ્દો ને આપ ઉપયોગ માં લઈ શકો છો.જેથી ભવિષ્ય માં આપ કોઈ સારા લેવલ પર કામગીરી કરતાં હો તો આપના થી એ ભૂલ નું પૂનરાવર્તન ન થાય.એ સિવાય ઓનલાઈન પણ અનેક એપ્લિકેશન અથવા વિડીયો ની સહાય લઈ શકો છો.અમુક એપ્લીકેશન માં આપણે શબ્દો મે અર્થ ની સાથે સાથે એ શબ્દ ના ઉચ્ચારણ પણ આપેલ હોય છે એનો આપ ઉપયોગ કરી શકો છો.કારણકે અમુક શબ્દો એવા હોય છે કે એ જે પ્રમાણે લખાય છે એ પ્રમાણે બોલાતા નથી જેમ કે "ૐહીજં", જેનું ઉચ્ચારણ આપણે "ઓનેસ્ટ" કરીએ છીએ નહીં કે 'હોનેસ્ટ'.આવા અનેક શબ્દો છે જે આપ શીખી શકો છો.આમ આપ નિયમિત અને આત્મવિશ્વાસ સાથે જો પ્રેક્ટિસ કરશો તો આપ ચોક્કસ આપની અંગ્રેજી ભાષા સરળતા થી અને ઝડપી બોલી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

**૨. સ્પર્ધાત્મક પરીક્ષા માં ધાર્યા પ્રમાણે માર્કસ આવી શકતા નથી.છેલ્લા પાંચ વર્ષ થી તૈયારી કરું છું પણ ઉત્તીર્ણ થઇ શકતો નથી.શું કરવું?**

**- કવન પટેલ, ગાંધીનગર**

આપે જણાવ્યુ એ મુજબ આપ ધાર્યા પ્રમાણે માર્ક ના લાવીને પરીક્ષા પાસ કરી શકતા નથી. એક




મતલબ એમ પણ થાય કે કદાચિત આપ થોડા માર્ક્સ માટે રહી જતાં હોય શકો. તો એક વાત તો ફલિત થાય છે કે આપ જે દિશામાં મેહનત કરી રહ્યા છો તે એકદમ સાચી છે. ફક્ત જે થોડી કચાશ રહી જાય છે એ દૂર કરવાની છે. આપને જણાવી દઈએ કે એવા ઘણા વિદ્યાર્થીઓ છે જેઓ થોડા માર્કસ માટે પરીક્ષા પાસ કરી શકતા નથી પણ આપે મેહનત છોડ્યા વગર સતત મેહનત ચાલુ રાખવાની રહશે. એક દિવસ આપને સફળતા ચોક્કસ મળશે. સ્વામી વિવેકાનંદના એક વાક્યનું અહિયાં ઉલ્લેખ કરીશું' "ઉઠો ,જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો". હવે આપના પ્રશ્નના નિરાકરણની વાત કરીએ તો સૌપ્રથમ આપ એ નક્કી કરો કે એવા કયા વિષયો છે જેના કારણે આપ ઉત્તીર્ણ થઈ શકતા નથી. એ વિષયો પર આપ વધારે મેહનત કરીને એ ખામીને પૂરી શકો છો. જેમકે આપ ગણિતમાં વધુ માર્કસ લાવી શકતા નથી તો આજથી જ એ વિષયની અથાગ પ્રેક્ટિસ શરૂ કરો અને મેહનત કરીને એ વિષયમાં મહત્તમ માર્કસ લાવવાનો પ્રયાસ કરો. તેની સાથે એ વિષય જેના પર આપની મજબૂત પકડ છે તે વિષયમાં જો હજુ તમારા માર્કસ વધારી શકાય છે કે નહીં તે ચકાસો. જો શક્યતા હોય તો આપના મજબૂત પકડવાળા વિષયમાં પણ આપ પોતાના માર્કસ વધારી શકો છો. તેના માટે પણ પ્રેક્ટિસ જરૂરી છે. એક અન્ય બાબત એ છે કે આપ બની શકે એટલા વધુ મોક પેપર (મોક ટેસ્ટ) આપવાનો અને ટેસ્ટ આપ્યા પછી તેનું વિગતવાર વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરો જે તમને ચોક્કસ સફળતા પ્રાપ્ત કરવા માટે ઉપયોગી નિવડશે. વધુ માં જણાઈએ તો કોઈ પણ પરીક્ષામાં આપ કેટલા પ્રશ્નોના જવાબ લખો છો એના કરતા કેટલા પ્રશ્નોના જવાબ નથી લખતા એ મહત્વનું છે કારણકે દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં ખોટા પ્રશ્નોના અમુક માર્કસ માઈનસ (ઓછા) થતાં હોય છે તો આપ પરીક્ષામાં એજ પ્રશ્નોના જવાબ આપો જેના ઉપર આપને સો ટકા ખાતરી હોય જેથી આપના કોઈ વધારાના માર્કસ માઈનસ ન થઈ શકે. આમ આપ ઉપરની બાબતો પર ધ્યાન આપીને પરીક્ષા આપશો તો ચોક્કસ સફળતા પ્રાપ્ત કરશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું.બિલ્ડર બનવા શું કરવું? માર્ગદર્શન આપશો.**

**- અક્ષય દવે, ગાંધીનગર**

બિલ્ડર એટ્લે કે આર્કિટેકટના આ ક્ષેત્રમાં સુ-વ્યવસ્થિત ડિઝાઈન, સુરક્ષા વ્યવસ્થાપન, સૌંદર્ય શાસ્ત્ર, સામગ્રી



સંચાલન વગેરે જેવા વિવિધ કાર્યો આવરી લે છે.આપ આર્કીટેક્ચરમાં બેચલર ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી આર્કિટેક્ટ બની શકો છો.આર્કીટેક્ટ નું કાર્ય સ્થાન અને આંતરિક ડિઝાઈન અને આવશ્યકતાઓને આધારે કાર્યોનું વિશ્લેષણ કરવાનું, સ્કેચ અને મોડેલ્સ સાથે કામ કરવાનું, દા.ત.હાથ દ્વારા અથવા ૩-ડી મોડેલ્સ તરીકે ઈમારતો દોરવાનું, બિલ્ડરો સાથે વાટાઘાટો,ઈજનેર અને કોન્ટ્રાક્ટરનું કામ સમજવાનું, પ્રોજેક્ટ વિશે કાયદાકીય માહિતી,બાંધકામ પ્રક્રિયા સાથે નું વિશ્લેષણ, વહીવટી કાર્ય,બાંધકામ કંપનીમા અથવા જાહેર વહીવટમાં કામ કરવાનું હોય છે.આર્કિટેક નું મુખ્ય કામ ક્લાઈન્ટ એટ્લે કે ગ્રાહક ની જરૂરિયાત ને સમજી એના ઉપર કામ કરવાનું હોય છે. બેચલર ઑફ આર્કિટેક્ચર (બી.આર્ચ.) ૫ વર્ષનું પૂર્ણ-સમય અવધિ કાર્યક્રમ છે. તે ૧૦ સેમેસ્ટરનું બનેલું છે. બેચલર ઑફ આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે આપે બારમું ધોરણ ગણિત અને અંગ્રેજી વિષય સાથે ન્યુનત્તમ ૫૦% માર્કસ સાથે પાસ કરેલ હોવું જોઈએ.તથા આપ જે.ઈ.ઈ. અને એન.એ.ટી.એ (નેશનલ એપ્ટિટ્યુડ ટેસ્ટ ઈન આર્કિટેક્ચર) પ્રવેશ પ્રક્રિયા ધ્વારા પણ પ્રવેશ મેળવી શકો છો. આર્કિટેક્ચરની વ્યવસાયિક પ્રેક્ટિસમાં એન્જિનિયરિંગ, આર્ટ્સ અને તકનીકી ક્ષેત્રોના વિષયો પર કામ કરવાનું હોય છે.આપ બેચલર ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી આ ક્ષેત્ર માં માસ્ટર તથા ત્યાર બાદ પી.એચ.ડી પણ કરી શકો છો.આ ક્ષેત્ર માં આપની પાસે શક્ષણિક લાયકાત ઉપરાંત અન્ય ફાવટ પણ હોવી જરૂરી છે.જેમ કે કોમ્યુનિકેશન સ્કિલ એટ્લે કે વાતચીત કરવાની આવડત, શારીરિક ક્ષમતા પણ એટલો જ મહત્વનો ભાગ ભજવે છે.એ સિવાય ધીરજ,એક ટીમ તરીકે કામ કરવું, વિચારવાની અલગ ક્ષમતા ,પારખી નજર વગેરે વસ્તુ પણ અગત્યનો ભાગ ભજવે છે. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૯૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner